**તાપમાન**
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૧૬, શુક્રવાર ; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




વનબંધુઓ સાથે પ્રધાનમંત્રી - ગુજરાતના આદિવાસી પ્રતિનિધિ મંડળ સાથે પ્રધાનમંત્રીએ લંબાણપૂર્વક વાતો કરી હતી... દાહોદ જીલ્લાના આદિવાસીઓ ગુરૂવારે નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રીની શુભેચ્છા મુલાકાતમાં આદિવાસી વિકાસના પગલાઓ અંગે સંતોષ વ્યક્ત કરી કેટલાક સુચનો પણ કર્યા હતા... નરેન્દ્ર મોદીએ આદિવાસી પરિવેષમાં સૌને આવકારી ખબર અંતર પૂછ્યા હતા... વિકાસયાત્રામાં જોડાવા સમગ્ર આદિવાસી સમુદાયને નિમંત્ર્યા હતા...

## પાકિસ્તાન આતંકવાદીઓના ગુણગાન બંધ કરે : સુષ્મા સ્વરાજ

**આંતરિક મામલામાં દરમિયાનગીરી નહીં ચાલે : રાજ્યસભામાં ત્રાસવાદના મુદ્દા ઉપર સુષ્મા સ્વરાજ દ્વારા પાકિસ્તાનની જોરદાર ઝાટકણી : પાકિસ્તાન વલણ સુધારે**



નવીદિલ્હી,તા. ૧૧

ભારતે પાકિસ્તાનને કઠોર ચેતવણી આપતા કહ્યું છે કે, પાકિસ્તાનની ભારતની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. સુષ્માએ કહ્યું હતું કે, સરકારે પાકિસ્તાનની ખતરનાક યોજનાના સંદર્ભમાં અન્ય દેશો સાથે પણ વાત કરી છે. સરકારે કહ્યું હતું કે, તેને ત્રાસવાદના ગુણગાન કરવામાં આવે તે બિલકુલ પસંદ નથી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે રાજયસભામાં એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, ભારતને ત્રાસવાદના ગુણગાન મંજુર નથી. પાકિસ્તાનને ભારતની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. તેમણે ઉમેર્યું હતું કે, આઠમી જુલાઈના દિવસે હિઝબુલ ત્રાસવાદી બુરહાન વાનીના મોત થયા બાદથી પાકિસ્તાનના વરિષ્ઠ અધિકારીઓએ ઈસ્લામાબાદમાં અનેક પ્રમુખ દેશોના રાજદ્વારીઓ સાથે આ સંદર્ભમાં વાતચીત કરી છે. સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યો ચીન, ફ્રાંસ, રશિયા, બ્રિટન, અમેરિકા, યુરોપિયન સંઘ,

● અનુસંધાન પાન-૭ પર

## કેબિનેટ સચિવનો રાષ્ટ્રપતિથી વધુ પગાર

નવીદિલ્હી,તા. ૧૧

સાતમા વેતન પંચની ભલામણોને અમલી કરવામાં આવ્યા બાદ દેશના ટોપ બ્યુરોક્રેટ પગારના મામલામાં રાષ્ટ્રપતિ કરતા પણ ઉપર પહોંચી ગયા છે. હકીકતમાં આ બાબત હોવી જોઈએ નહીં. બંધારણની દ્રષ્ટિએ રાષ્ટ્રપતિનો હોદ્દો સૌથી મોટો હોય છે જેથી તેમનો પગાર પણ સૌથી વધારે હોય છે. આજ કારણસર કેન્દ્રીય ગૃહમંત્રાલય રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલના પગારમાં જરૂરી ફેરફાર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

## સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ સમગ્ર રાજ્યમાં 'ત્રિરંગા યાત્રા' યોજાશે

ગાંધીનગર, તા.૧૧

૭૦મું સ્વાતંત્ર્ય પર્વ સમગ્ર દેશમાં આનબાન અને શાનથી ઉજવાય તેવા ઉમંગભર્યું વાતાવરણનું દેશમાં નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના તેમજ દેશ પ્રત્યે સમર્પણની ભાવના વધુ ઉજાગર થાય તે માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પ્રેરક માર્ગદર્શન હેઠળ ૧૪મી ઓગસ્ટે રાજ્યના દરેક જિલ્લામાં જિલ્લામથકે સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ ત્રિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના કાયદા, ગૃહ, પ્રોટોકોલ વિભાગના મંત્રી પ્રદિપસિંહ જાડેજા તથા રમગગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, આપણો તિરંગો આપણને દેશપ્રત્યે પ્રેમ, દેશદાઝ અને આપણાપણની ભાવના ઉભી કરે છે. ત્રિરંગા યાત્રાનું ગુજરાતમાં દરેક જિલ્લામંથકોએ ભવ્ય આયોજન થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ એટલે કે ૧૪ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ સાંજે ૫.૩૦થી શરૂ થઈ એક કલાક સ્થાનિક વિસ્તારોમાં ફરશે. આ યાત્રામાં પોલીસ બેંડ, યુવાનો અને જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં જોડાય તેવો અનુરોધ કરવામાં આવે છે. રાષ્ટ્રધ્વજ સાથેના વાહનોમાં રાષ્ટ્રના આદરણીય મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ક્રાંતિવીરો ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદની તસવીરોથી સુશોભિત કરવામાં આવશે. ત્રિરંગા યાત્રાનું જ્યાં સમાપન થશે ત્યાં મહાસુલી આઝાદીને યાદ કરવા માટે યાદ કરો કુરબાની કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભક્તિના ગીતો સ્થાનિક કલાકારો દ્વારા રજુ કરવામાં આવશે. આ ઉપરાંત, સમાપન કાર્યક્રમમાં જિલ્લાના નામાંકિત મહાનુભાવો દ્વારા મશાલ પ્રજ્વલન કરવામાં આવશે તેમજ આ મશાલ સમક્ષ ઉપસ્થિત નાગરિકો દેશ પ્રત્યે પ્રતિજ્ઞા દ્વારા સમર્પણનો સંકલ્પ લેશે.

















